આકાશવાણી ભુજ

સમાચાર વાચક : આરતી ભટ્ટ

કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)

તારીખ:-12-12-2024 સમય:-સવારે 6.50 કલાકે

---------------------------------------------------------------------

## રાષ્ટ્રપતિ- રાષ્ટ્રીય પંચાયત પુરસ્કાર

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ગઈકાલે નવી દિલ્હીમાં વિજ્ઞાન ભવનમાં રાષ્ટ્રીય પંચાયત પુરસ્કાર એનાયત કર્યા.. આ વર્ષે કુલ **45** વ્યક્તિઓની વિવિધ કેટેગરીમાં પુરસ્કાર માટે પસંદ કરવામાં આવી હતી જે તેમના મૂળભૂત વહીવટ અને સમુદાયના વિકાસમાં તેમની વ્યાપક સિદ્ધિઓને પ્રતિબિંબિત કરે છે.

સમારંભ દરમિયાન, પંચાયતી રાજ મંત્રી પુરસ્કાર વિજેતા પંચાયતોની નવીન અને અસરકારક કાર્ય પદ્ધતિઓ પરની પુસ્તિકાનું પણ અનાવરણ કરવામાં આવ્યું હતું. મંત્રાલયે કહ્યું છે કે આ પુરસ્કારોનો ઉદ્દેશ્ય અન્ય પંચાયતોને શ્રેષ્ઠ પ્રથાઓ અપનાવવા અને ગ્રામીણ ભારતના સર્વાંગી વિકાસમાં યોગદાન આપવા પ્રેરણા આપવાનો છે.

**RNU** અમદાવાદ

---------------------------------------------------------------------

RNU BHUJ

## પ્ર.મંત્રી – હેકાથોન -2024

પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીએ યુવા સંશોધકોની પ્રશંસા કરતાં કહ્યું છે કે તેમની પાસે 21મી સદીના ભારતનું અલગ વિઝન છે. તેમના ઉકેલો ભારતના ભવિષ્ય માટે નિર્ણાયક છે અને લાખો લોકોના જીવનમાં પરિવર્તન લાવી શકે છે.

સ્માર્ટ ઈન્ડિયા હેકાથોન 2024ના ગ્રાન્ડ ફીનાલેમાં વિડિયો કોન્ફરન્સિંગ દ્વારા યુવા સંશોધકો સાથે વાર્તાલાપ કરતાં પ્રધાનમંત્રીએ પુનરોચ્ચાર કર્યો કે, આજે  ભારત દરેકના પ્રયાસોથી જ ઝડપી ગતિએ આગળ વધી શકે છે.

RNU અમદાવાદ

---

## મુ.મંત્રી – રાષ્ટ્રીય મેરીટાઈમ હેરીટેજ મ્યુઝિયમ

પુરાતન બંદરગાહ લોથલમાં નિર્માણ થનારું રાષ્ટ્રીય મેરિટાઈમ હેરિટેજ મ્યુઝિયમ ‘વિકાસ ભી, વિરાસત ભી’નું દિશા દર્શન કરશે, તેમ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે નવી દિલ્હી ખાતે જણાવ્યું હતું.

ગઈકાલે નવી દિલ્હીમાં ઈન્ડિયન મેરિટાઈમ હેરિટેજ કોન્કલેવ-2024ના ઉદઘાટન સત્રમાં સંબોધન કરતાં મુખ્યમંત્રીએ કહ્યું હતું કે ગુજરાતે બંદર આધારિત વિકાસ દ્વારા દેશમાં સૌથી વધુ 38 ટકા કાર્ગો પરિવહન કર્યું છે. ઉપરાષ્ટ્રપતિ દ્વારા ઉદઘાટન કર્યા બાદ મુખ્યમંત્રીએ પોતાના સંબોધનમાં કહ્યું હતું કે 2047 સુધીમાં  વિકસિત ભારત સંકલ્પને સાકાર કરવામાં દરિયાઇ ક્ષેત્રની ભૂમિકા મહત્વપૂર્ણ રહેશે.

RNU અમદાવાદ

---

## મુ.મંત્રી શ્રી પટેલનો કાર્યકાળ ત્રીજા વર્ષમાં પ્રવેશ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના બીજી ટર્મના કાર્યકાળને આજે બે વર્ષ પૂર્ણ થઇ રહ્યાં છે. વર્ષ **2022**ની ૧૨મી ડિસેમ્બરના દિવસે ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વની સરકારે રાજ્યનું બીજી વખત દાયિત્વ સંભાળ્યું હતું.

ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વવાળી સરકાર ત્રીજા વર્ષમાં પદાર્પણ કરશે, ત્યારે જ્ઞાન આધારિત વિકાસ ઉત્સવની આજે ઉજવણી કરાશે. જેની શરૂઆત મુખ્યમંત્રી અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા નરોડામાં શ્રમિક સુવિધા કેન્દ્રના લોકાર્પણ દ્વારા ગરીબ ઉત્થાન કાર્યક્રમથી કરશે. આ ઉપરાંત ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે વિભાગોમાં પસંદગી પામેલા ૫૮૦ યુવાનોને નિમણૂંક પત્રો એનાયત કરશે.

**RNU** અમદાવાદ

--------------------------------------------------------------------------------

## સંગીતકાર- પૂરૂષોતમ ઉપાધ્યાયનું અવસાન

જાણીતા ગુજરાતી ગાયક અને સંગીતકાર પુરૂષોત્તમ ઉપાધ્યાયનું ગઈકાલે **90** વર્ષની ઉંમરે અવસાન થયું છે. જેનાથી સંગીતની દુનિયામાં શોકની લાગણી છવાઇ ગઇ છે.

વર્ષ **2017**માં તેમને પદ્મશ્રી પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ગુજરાતી ફિલ્મી અને નોન ફિલ્મી ગીતો અને ગઝલો ગાઇને તેમણે એક આગવી ઓળખ ઉભી કરી હતી.

**RNU** અમદાવાદ

--------------------------------------------------------------------------------

RNU BHUJ

## જિલ્લા – શાળાના સમય અંગે પરિપત્ર

કચ્છમાં ઠંડીનું પ્રમાણ વધી જતાં જિલ્લાની તમામ સરકારી, અનુદાનિત, ખાનગી શાળાઓમાં સવારની પાળીના સમયમાં ફેરફાર કરાયો છે. જિલ્લા શિક્ષણાધિકારી સંજય પરમાર દ્વારા કરાયેલા પરિપત્ર મુજબ કચ્છમાં કોલ્ડવેવની સ્થિતિએ ઠંડીનું પ્રમાણ વધી જવાથી વિદ્યાર્થીઓને વહેલી સવારે મુશ્કેલી ન પડે તે માટે અન્ય સૂચના ન મળે ત્યાં સુધી સમય અડધો કલાક મોડો કરાયો છે.

**N.P/આરતી ભટ્ટ**

---------------------------------------------------------------------------

## ઠંડીનું પ્રમાણ વધશે

રાજ્યમાં બર્ફીલા પવન ફૂંકાતાં જનજીવન પ્રભાવિત જોવા મળી રહ્યું છે. લોકો ઠંડીથી રક્ષણ મેળવવા માટે તાપણા અને ગરમ કપડાંનો સહારો લેતા જોવા મળી રહ્યા છે. છેલ્લા ચોવીસ કલાક દરમિયાન રાજ્યમાં સિઝનનું સૌથી ઓછું 5 ડિગ્રી તાપમાન નલિયામાં નોંધાયું છે.

હવામાન વિભાગ દ્વારા સૌરાષ્ટ્ર-કચ્છમાં કોલ્ડવેવની શક્યતા વ્યકત કરવામાં આવી હતી. જિલ્લા મથક ભુજમાં 11 ડિગ્રી લઘુતમ તાપમાને ઠંડીની તીવ્ર આણ વર્તાઇ હતી. ચારેય મથકોમાં મહત્તમ તાપમાન 27 ડિગ્રી આસપાસ નોંધાયું હતું.

**N.P/આરતી ભટ્ટ**

---------------------------------------------------------------------------

## બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન

ભુજ તાલુકાના વાંઢાય સ્થિત ઇશ્વર આશ્રમ ખાતે જિલ્લા કક્ષાના બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનમાં પાંચ વિભાગમાં પ્રાથમિકમાંથી **46** અને માધ્યમિકમાંથી **40** મળી **86** કૃતિઓ રજૂ થઇ હતી.

**N.P/આરતી ભટ્ટ**

-----------------------------------------------------------------------

RNU BHUJ